(૧૫)

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે.... (૭)**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. જં કિંચિ | **જે, કાંઈ પણ** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૨. તહ | **તથા, તેમ જ** | **સામાયિકના પાંચમા પાઠમાં, પ્રતિક્રમણના બીજા પાઠમાં** |
| ૩. પચ્ચક્ખાય | **પ્રત્યાખ્યાન કરીને** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. એવમહં | **આ રીતે હું** | **ક્ષમાપના સૂત્રમાં** |
| ૫. ભાવણાહિં | **ભાવનાઓથી** | **ચોથા શ્રમણસૂત્રમાં** |

**(૨) ઈટ્ઠં કંતં પિયં મણુન્નં મણામં ધિજ્જં પાઠ પૂર્તિ કરો. (૨)**

**(આ) આવશ્યક સૂત્રના આધારે.... (૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. ઉપયોગ વિના ક્રિયા કરવી તે શું છે? | **દ્રવ્ય આવશ્યક** |
| ૨. સાવદ્યયોગનો ત્યાગ કરી શેમાં સ્થિત થવાનું છે? | **સમભાવમાં** |
| ૩. ગર્હા શેનું શ્રેષ્ઠ સાધન છે? | **પાપપ્રક્ષાલન** |
| ૪. ઈષ્ટ અર્થની સિદ્ધિના સમ્યક્ ઉપાયરૂપ શું છે? | **આવશ્યક** |
| ૫. અશુભ કાર્યથી નિવૃત્ત થવું તે શું છે? | **નિવૃત્તિ** |
| ૬. અનુયોગદ્વાર સૂત્રમાં છ આવશ્યકમાં શેનું કથન છે? | **અર્થાધિકાર** |
| ૭. આરાધ્ય શું છે? | **મોક્ષપ્રાપ્તિ** |
| ૮. આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં પ્રતિક્રમણના કેટલા શબ્દોનું કથન કર્યું છે? | **૮ પર્યાયવાચી** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં જવાબ લખો. (૪)**

૧. સામાયિકનો અર્થાધિકાર શું છે?

**જ. સામાયિકનો અર્થાધિકાર સાવદ્યયોગ અર્થાત્ પાપકારી પ્રવૃત્તિથી વિરામ/વિરતિ.**

૨. શેનો નિગ્રહ કરવાનો છે?

**જ. ધ્રુવ એવા કર્મ અને સંસારનો નિગ્રહ કરવાનો છે.**

૩. પ્રતિક્રમણ કોને ધોવાની સાધના છે?

**જ. પ્રતિક્રમણ આત્મા પર લાગેલા દોષરૂપ ડાઘોને ધોવાની સાધના છે.**

૪. પ્રત્યાખ્યાનનો સાચો અધિકારી કોણ છે?

**જ. જે સાધક કાયોત્સર્ગ કરી વિશેષ ચિત્તશુદ્ધિ, એકાગ્રતા અને આત્મબળ પ્રાપ્ત કરે છે.**

(૧૦)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જગતની ઉત્પત્તિ માટે અન્ય દાર્શનિક અને જૈન દર્શન શું માને છે? (૪)

**જ. જગતની ઉત્પત્તિ માટે અન્ય દાર્શનિકની માન્યતા ૧) આ લોક દેવકૃત છે. ૨) આ લોક બ્રહ્મકૃત છે. ૩) આ લોક ઈશ્વરકૃત છે. ૪) આ લોક સ્વયંભૂ–વિષ્ણુકૃત છે. ૫) આ લોક પ્રધાનપ્રકૃતિ કૃત છે. ૬) યમરાજે આ માયાની રચના કરી છે, તેથી અનિત્ય છે. ૭) આ લોક ઈંડામાંથી ઉત્પન્ન થયો છે.**

**જૈનદર્શનની માન્યતા આ લોક તેમ જ આત્મા અનાદિ અનંત છે અર્થાત્ તેની ઉત્પત્તિ કે વિનાશ થતો નથી.**

૨. દેવો કઈ રીતે ઉપસર્ગ આપી શકે છે? (૩×૨)

**જ. દેવો હિમવર્ષા, ઉષ્ણવર્ષા, તાડન, છેદન–ભેદન, વધ, આક્રોશ વગેરે દ્વારા મુનિને પરાજિત કરવાનો પ્રયત્ન**

**કરે છે. ક્યારેક પૂર્વના વેરનું સ્મરણ કરી, ક્યારેક ઈર્ષ્યાને વશ થઈને દેવો પિશાચ વગેરે રૂપ ધારણ કરે, ક્યારેક સિંહ, હાથી, સર્પ વગેરે રૂપ ધારણ કરીને મુનિને ઉપસર્ગ આપી શકે છે.**

૩. સૂયગડાંગ સૂત્રના બીજા અધ્યયનનું નામ શું છે? ઋષભદેવ ભગવાને કોને શું ઉપદેશ આપ્યો છે? સત્યને કોણ શા માટે સમજી શક્તા નથી?

**જ. સૂયગડાંગ સૂત્રના બીજા અધ્યયનનું નામ વૈતાલીય છે. ઋષભદેવ ભગવાને ૯૮ પુત્રોને ઉપદેશ આપ્યો છે. હે ભવ્ય જીવો ! સંબુજ્ઝહ ! તમે બોધને પ્રાપ્ત કરો. સંસારનું સ્વરૂપ સમજો. જગતના પ્રત્યેક પદાર્થો, સંબંધો અનિત્ય છે, તે અશરણભૂત છે. અજ્ઞાની જીવો સ્વજનો અને સાધન સંપત્તિના અનુરાગમાં અંધ બનીને સત્યને સમજી શક્તા નથી.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શ્રેણીના માત્ર નામ લખો.

**જ. ઋજુ આયતા, એકતો વક્રા, દ્વિતો વક્રા, એકતઃ ખહા, દ્વિતઃ ખહા, ચક્રવાલ, અર્ધચક્રવાલ.**

૨. કાકણિ રત્ન અને ગાથાપતિ રત્નનું કાર્ય શું છે?

**જ. કાકણિ રત્ન : આલેખિત મંડલાકાર રેખાઓ દ્વારા દીર્ઘકાળ પર્યંત સૂર્ય જેવો પ્રકાશ આપે.**
**ગાથાપતિ રત્ન : અન્ન ભંડારના અધિપતિ હોય, ભોજ્ય સામગ્રી ઉત્પન્ન કરે, ધાન્યને શીઘ્ર ઉગાડે.**

૩. પહેલા બે અને છેલ્લા બે ભય અર્થ સાથે લખો.

**જ. ૧) ઈહલોક ભય : સજાતીય ભય. જેમ કે મનુષ્યને મનુષ્યનો ભય. તિર્યંચને તિર્યંચનો ભય. ૨) પરલોક ભય : વિજાતીયનો ભય. જેમ કે મનુષ્યને તિર્યંચનો ભય. તિર્યંચને મનુષ્યનો ભય. ૬) મરણ ભય : મૃત્યુનો ભય. ૭) અશ્લોક ભય : અપકીર્તિનો ભય.**

૪. પૂર્વાભિમુખ વહેતી નદીના નામ લખો.

**જ. પૂર્વાભિમુખ વહેતી નદીના નામ – ગંગા નદી, રોહિતા નદી, હરિસલિલા નદી, સીતા નદી, નરકન્તા નદી, સુવર્ણકુલા નદી, રક્તા નદી.**

૫. સાત નયમાં દ્રવ્ય નય–પર્યાય નય, શબ્દ નય–અર્થ નય કેટલા અને કયા કયા?

**જ. સાત નયમાં દ્રવ્ય નય ત્રણ–નૈગમ નય, સંગ્રહ નય, વ્યવહાર નય. પર્યાય નય ચાર–ઋજુસૂત્ર નય, શબ્દ નય, સમભિરૂઢ નય, એવંભૂત નય. શબ્દ નય ત્રણ–શબ્દ નય, સમભિરૂઢ નય, એવંભૂત નય. અર્થ નય ચાર–નૈગમ નય, સંગ્રહ નય, વ્યવહાર નય, ઋજુસૂત્ર નય.**

(૧૫)

**પ્ર. ૪ (અ) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. શિવરાજર્ષિના પત્ની અને પુત્રનું નામ લખી ત્રણે કેવા હતા?

**જ. શિવરાજર્ષિના પત્નીનું નામ ધારિણી અને પુત્રનું નામ શિવભદ્ર હતું. શિવરાજર્ષિ મહાન, મહેન્દ્ર, શક્રેન્દ્ર જેવા શ્રેષ્ઠ રાજા હતા. ધારિણી પટ્ટરાણી અતિ સ્વરૂપવાન હતી. શિવભદ્ર રાષ્ટ્ર, રાજ્ય, ન્યાયાદિકની સારી રીતે દેખરેખ રાખતા હતા.**

૨. શિવરાજર્ષિએ પૂર્વ દિશાની પૂજા કેવી રીતે કરી? કોની આજ્ઞાથી શું લીધું?

**જ. શિવરાજર્ષિએ પૂર્વ દિશાની પૂજા છાબડી અને કાવડ લઈને કરી. સોમ મહારાજની આજ્ઞાથી પૂર્વદિશામાં રહેલા ફળ, ફૂલ, મૂળ, કંદ, લીલી વનસ્પતિ ગ્રહણ કરી. દર્ભ, કુશ અને સમિધ હવન યોગ્ય કાષ્ઠ ગ્રહણ કર્યા.**

૩. સંસ્થાન અને વિસ્તારની અપેક્ષાએ દ્વીપ–સમુદ્ર કેવા છે? દ્વીપ–સમુદ્રમાં શું ભરેલું છે?

**જ. સંસ્થાનની અપેક્ષાએ સર્વ દ્વીપ–સમુદ્ર એક સમાન છે. વિસ્તારની અપેક્ષાએ એકબીજાથી બમણા છે. દ્વીપ–સમુદ્રમાં વર્ણાદિ સહિત અને વર્ણાદિ રહિત દ્રવ્યોની પરસ્પર સંબદ્ધતા, ગાઢ શ્લિષ્ટતા, અન્યોન્ય સંબદ્ધતા છે. જીવ અને પુદ્ગલ દ્રવ્ય સંપૂર્ણપણે ભરેલા છે.**

૪. શિવરાજર્ષિનું વિભંગજ્ઞાન કેવી રીતે નષ્ટ થયું?

**જ. શિવરાજર્ષિએ પણ અનેક લોકો પાસેથી પ્રભુની વાત દ્વીપ–સમુદ્ર અસંખ્યાતા છે તે સાંભળીને, અવધારણ કરીને શંકિત, કાંક્ષિતમ સંદિગ્ધ બન્યા ત્યારે કલુષિત ભાવને પ્રાપ્ત થયેલા શિવરાજર્ષિનું વિભંગજ્ઞાન તરત નષ્ટ થયું.**

પ. શિવરાજર્ષિ કથાનો ઉપસંહાર લખો.

**જ. પ્રસ્તુત ઉદ્દેશકમાં શિવરાજર્ષિના જીવન વૃત્તાંત દ્વારા સમજાવ્યું છે કે એક ભદ્ર પરિણામી જીવ, અન્યધર્મી હોવા છતાં પ્રભુના માધ્યમે સત્ય સમજ્યા પછી તરત જ સત્ય સ્વીકાર કઈ રીતે કરે છે અને સત્યના સ્વીકાર સાથે સત્યસાધના દ્વારા સિદ્ધિને કઈ રીતે પ્રાપ્ત કરે છે? તે વિષયને ઉજાગર કર્યો છે.**

**(આ) જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. આ અધ્યયનનું નામ તુંબ શા માટે છે?

**જ. વિષયની સ્પષ્ટતા માટે તુંબડાનું ઉદાહરણ હોવાથી આ અધ્યયનનું નામ તુંબ છે.**

૨. કર્મથી ભારે બનેલા જીવનું શું થાય છે?

**જ. કર્મથી ભારે બનેલો જીવ સંસાર સાગરમાં ડૂબી જાય છે.**

૩. અપૌરુષિક એટલે શું?

**જ. અપૌરુષિક એટલે માથોડાથી વધુ ઊંડું પાણી.**

૪. કર્મ પ્રકૃતિઓનો ક્ષય કરી જીવ ક્યાં સ્થિત થાય છે?

**જ. કર્મ પ્રકૃતિઓનો ક્ષય કરી જીવ આકાશતલની તરફ ઊઠીને લોકાગ્રભાગમાં સ્થિત થાય છે.**

પ. ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી કોણ હતા? તેઓ કયા નગરમાં પધાર્યા?

**જ. ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ઈન્દ્રભૂતિ નામના અણગાર હતા. તેઓ રાજગૃહ નગરમાં પધાર્યા.**

(૫)

**પ્ર. ૫ નિરિયાવલિકા (વૃષ્ણિદશા) સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વીરાંગદ કુમારે કોની પાસે દીક્ષા લીધી?

**જ. વીરાંગદ કુમારે સિદ્ધાર્થ આચાર્ય પાસે દીક્ષા લીધી.**

૨. વીરાંગદ કુમાર કેવી રીતે કામભોગ ભોગવતા હતા?

**જ. વીરાંગદ કુમાર ૫ ઈન્દ્રિયોના મનુષ્ય સંબંધી કામભોગ ભોગવતા હતા.**

૩. ૨૨ મા તીર્થંકર અરિષ્ટનેમિ કેવા હતા?

**જ. ૨૨ મા તીર્થંકર અરિષ્ટનેમિ ચારિત્ર નાયકના વાહક, શાસક, શાસનપતિ યદુકૂલભૂષણ હતા.**

૪. કૃષ્ણ વાસુદેવના મહાવીર અને શૂરવીર કેટલા હતા?

**જ. કૃષ્ણ વાસુદેવના મહાવીર બળદેવ આદિ પાંચ અને શૂરવીર સાંબ આદિ ૬૦૦૦૦ હતા.**

પ. નિષધ અણગાર સર્વાર્થસિદ્ધમાંથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થશે? ત્યાં શું થશે?

**જ. નિષધ અણગાર સર્વાર્થસિદ્ધમાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં રાજકુળમાં પુત્ર થશે.**

(૧૫)

**પ્ર. ૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. પિયપુત્તગા **દોણ્ણિ વિ માહણસ્સ, સકમ્મસીલસ્સ પુરોહિયસ્સ ।**
**સરિત્તુ પોરાણિયં તત્થ જાઈ, તહા સુચિણ્ણં તવ** સંજમં ચ ॥

**અર્થ : બ્રાહ્મણને યોગ્ય યજ્ઞ વેગેરે ક્રિયાઓમાં સંલગ્ન ભૃગુ પુરોહિતના આ બંને પ્રિય પુત્રોએ એકવાર મુનિને જોયા. તેમને પૂર્વજન્મ તથા તે જન્મમાં સમ્યક્રૂપે આચરણ કરેલા તપ અને સંયમનું સ્મરણ થયું.**

૨. જહા ય **ભોઈ તણુયં ભુયંગો, નિમ્મોયણિં હિચ્ચ પલેઈ મુત્તો ।**
**એમેએ જાયા પયહંતિ ભોએ, તં હં કહં ણાણુગમિસ્સમેક્કો ॥**

**અર્થ : હે ભગવાન ! જેમ સર્પ શરીરની કાંચળી ઉતારી નિરપેક્ષભાવે આગળ ચાલ્યો જાય છે, તેમ આ બે**

**તરુણ પુત્રો ભોગોને છોડી દીક્ષિત થાય છે, તો હું એકલો રહીને શું કરું? હું શા માટે તેમને ન અનુસરું?**

૩. અજ્જેવ **ધમ્મં પડિવજ્જયામો, જહિં પવણ્ણા ણ પુણબ્ભવામો ।**
**અણાગયં ણેવ ય અત્થિ કિંચિ, સદ્ધાખમં ણે વિણઇત્તુ** રાગં ॥

**અર્થ : જે ધર્મનો સ્વીકાર કરવાથી ફરી જન્મ-મરણ ન કરવા પડે, તે સંયમધર્મને અમે આજે જ અંગીકાર કરશું. આ સંસારમાં જીવ માટે કાંઈપણ નવીન કે અપ્રાપ્ત નથી અર્થાત્ બધા જ સુખો કે પદાર્થો અનંત વાર ભોગવાઈ ગયા છે, માટે હે પિતાજી ! તમે અમારા ઉપરથી રાગભાવ દૂર કરી ધર્મની શ્રદ્ધા કરો.**

૪. પરિવ્વયંતે **અણિયત્તકામે, અહો ય રાઓ પરિતપ્પમાણે ।**
**અણપ્પમત્તે ધણમેસમાણે, પપ્પોતિ મચ્ચું પુરિસે** જરં ચ ॥

**અર્થ : કામભોગથી નિવૃત્ત ન થતો જીવ હંમેશાં અતૃપ્તિની આગમાં બળતો જ રહે છે. વિષયસુખ માટે ભટકતો ફરે છે. અન્યને માટે અર્થાત્ સ્વજનો માટે વિવિધ પાપ પ્રવૃત્તિઓ દ્વારા ધનોપાર્જન કરતા કરતા જ તે પુરુષ જરાવસ્થાને પ્રાપ્ત થઈ મૃત્યુ પામે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. પુત્ર ન હોય તે કઈ ગતિ પામતા નથી? | **ઉત્તમ** |
| ૨. ધર્માચરણમાં શું કરવું યોગ્ય નથી? | **પ્રમાદ** |
| ૩. લોક શેનાથી ઘેરાયેલો છે? | **જરાથી** |
| ૪. શેનો ક્યારેય પાર આવતો નથી? | **તૃષ્ણા** |
| ૫. કામભોગો કેવા છે? | **ક્ષણિક** |
| ૬. છ જીવો શેને પ્રાપ્ત થયા? | **પરમ નિર્વાણ** |

**(૨૦)**

**પ્ર. ૭ પન્નવણા સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) દ્રવ્યેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. એક જીવ અને અનેક જીવ અપેક્ષાએ સુવર્ણકુમાર, રત્ન, કીડાની ભૂત-ભવિષ્ય-વર્તમાનની દ્રવ્યેન્દ્રિય લખો. (૬)

| જ. એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| **સુવર્ણકુમાર** | **અનંત** | **૮** | **૮, ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| **રત્ન** | **અનંત** | **૧** | **૮, ૯, ૧૦ સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| **કીડા** | **અનંત** | **૨** | **૯, ૧૦ સંખ્યાત, અસંખ્યાત, અનંત** |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| **સુવર્ણકુમાર** | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |
| **રત્ન** | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |
| **કીડા** | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |

૨. વિજય વિમાનની ઓછામાં ઓછી અને વધુમાં વધુ કેટલી દ્રવ્યેન્દ્રિય થાય? શા માટે? (૨×૨)

**જ. વિજય વિમાનની ઓછામાં ઓછી ૮ અને વધુમાં વધુ ૧૦૪ દ્રવ્યેન્દ્રિય થાય છે. અનંતર ભવમાં મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય તો ૮ અને ઉત્કૃષ્ટ ૧૩ મા ભવે અવશ્ય મોક્ષે જાય છે માટે ૧૩ × ૮ = ૧૦૪ થી વધારે ન થાય.**

૩. તિર્યંચ પંચેન્દ્રિયના જીવ ૮/૧૬ દ્રવ્યેન્દ્રિય કેવી રીતે કરશે?

**જ. તિર્યંચ પંચેન્દ્રિયનો જીવ મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય તો ૮ અને તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્યનો**

**ભવ કરી ત્યાર પછી પાછો મનુષ્યનો ભવ કરીને સિદ્ધ થાય તો ૧૬ કરશે.**

**(આ) ભાવેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. એક જીવ અને અનેક જીવ અપેક્ષાએ સંમૂર્ચ્છિમ મનુષ્ય, વાલુપ્રભાના નારકી, ૩ પલિયાના દેવની ભૂત– ભવિષ્ય– વર્તમાનની ભાવેન્દ્રિય લખો. (૬)

| જ. એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | **અનંત** | **૫** | **૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| વાલુપ્રભાના નારકી | **અનંત** | **૫** | **૫, ૧૦, ૧૧, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |
| ૩ પલિયાના દેવ | **અનંત** | **૫** | **૬, સંખ્યાત, અસંખ્યાત, અનંત** |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |
| વાલુપ્રભાના નારકી | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |
| ૩ પલિયાના દેવ | **અનંત** | **અસંખ્યાત** | **અનંત** |

૨. મનુષ્ય ભવિષ્યમાં ૫/૬/૭ ભાવેન્દ્રિય કરશે? કેવી રીતે? (૩)

**જ. મનુષ્ય મરીને મનુષ્ય થઈ સિદ્ધ થાય તો ૫ ભાવેન્દ્રિય કરે.**
**મનુષ્ય મરીને એકેન્દ્રિયમાં જાય અને ત્યાંથી મનુષ્યમાં ઉત્પન્ન થાય તો ૬ ભાવેન્દ્રિય કરશે.**
**મનુષ્ય મરીને બે વાર એકેન્દ્રિયમાં જાય અને ત્યાંથી મનુષ્યમાં ઉત્પન્ન થાય તો ૭ ભાવેન્દ્રિય કરશે.**

૩. ભાવેન્દ્રિય ....... કર્મના ...... ભાવરૂપ હોય છે. **જ્ઞાનાવરણીય, ક્ષયોપશમ.** (૧)

(૧૦)

**પ્ર. ૮ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. ઊર્ધ્વલોક બાદર પ્રત્યેક શરીરમાં ૨. વિભંગજ્ઞાન મરવાવાળામાં ૩. લવણ સમુદ્ર અભાષકમાં
૪. એકાંત મિથ્યાત્વ શાશ્વતોમાં ૫. મનયોગી સમ્યગ્દૃષ્ટિ અસંખ્યાત ભવવાળામાં

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. ઊર્ધ્વલોક બાદર પ્રત્યેક શરીરમાં | **0** | **૩૪** | **0** | **૭૬** | **૪૮ માંથી ૧૦ સૂક્ષ્મ, ૨ સાધારણ, ૨ બાદર તેઉના ૧૪ વર્જીને, ૭૬ વૈમાનિક દેવના** | **૧૧૦** |
| ૨. વિભંગજ્ઞાન મરવાવાળામાં | **૭** | **૫** | **૧૫** | **૯૪** | **૭ નરકના પર્યાપ્તા, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા, ૯૯ દેવના પર્યાપ્તામાંથી ૫ અનુત્તર વિમાનના વર્જીને** | **૧૨૧** |
| ૩. લવણ સમુદ્ર અભાષકમાં | **0** | **૩૫** | **૧૧૨** | **0** | **૪૮ માંથી ૧૩ વચનયોગીના વર્જીને, ૫૬ સંમૂ. મનુષ્ય અને ૫૬ અંતરદ્વીપના મનુષ્ય એ ૧૧૨ ના અપર્યાપ્તા** | **૧૪૭** |
| ૪. એકાંત મિથ્યાત્વ શાશ્વતોમાં | **0** | **30** | **૫૬** | **૧૮** | **૨૨ એકેન્દ્રિય+૩ વિકલે., ૫ અસંજ્ઞી તિ.પંચે. એ ૮ ના પર્યાપ્તા, ૫૬ અંતરદ્વીપના પર્યાપ્તા, ૧૫ પરમાધામી, ૩ કિલ્વિષીકના પર્યાપ્તા** | **૧૦૪** |
| ૫. મનયોગી સમ્યગ્દૃષ્ટિ અસંખ્યાત ભવવાળામાં | **૭** | **૫** | **૪૫** | **૭૬** | **૭ નરકના પર્યાપ્તા, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિ, 30 અકર્મભૂમિ એ ૪૫ ના પર્યાપ્તા, ૯૯ પર્યાપ્તામાંથી ૧૫ પરમાધામી, ૩ કિલ્વિષીક, ૫ અનુત્તર વર્જીને** | **૧૩૩** |

**જય જિનેન્દ્ર**